# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) બિહાર વિધાનસભા ચૂંટણીનું આજે પરિણામ – થોડીવારમાં મતગણતરી શરૂ થશે

2) ૪૪મો ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો- આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે

3) ઉપરાષ્ટ્રપતિ આજે ભારતીય દૂરસંચાર સેવાના ડાયમંડ જ્યુબિલી ઉજવણીમાં ભાગ લેશે

4) દિલ્હી બ્લાસ્ટ કેસમા સંડોવણી અંતર્ગત અલ ફ્લાહ યુનિવર્સિટીનું સભ્ય પદ રદ્દ કરાયું

5) ભારતે, નેપાળ સાથે રેલ્વે કાર્ગો પરિવહન સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

6) ભારત-દક્ષિણ આફ્રિકા,આજે બે મેચની શ્રેણીની પહેલી ક્રિકેટ ટેસ્ટ રમશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ASSEMBLY IN BIHAR

બિહારમાં વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી સવારે 8 વાગ્યે શરૂ થશે. બિહારના 38 જિલ્લાઓમાં 46 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી કરવામાં આવશે. બે હજાર 616 ઉમેદવારોનું ભાવી આજે નક્કી થશે.

(બાઈટ –ધર્મેન્દ્ર)

બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી વિનોદ સિંહ ગુંજીયાલે જણાવ્યું કે મતદાનમાં ઉપયોગમાં લેવાતા EVM અને VVPAT ને ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા હેઠળ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તમામ મતગણતરી કેન્દ્રો પર વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

243 મતવિસ્તારો માટે વિધાનસભા ચૂંટણી માટે મતદાન 6 અને 11 નવેમ્બરના રોજ બે તબક્કામાં યોજાયું હતું. આ ચૂંટણીમાં, બિહારમાં 1951 પછી અત્યાર સુધીની સૌથી વધુ 67.13 ટકા મતદાન નોંધાયું હતું.

# IITF

૪૪મો ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો-IITF આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે. આ ૧૪ દિવસીય આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં સંયુક્ત આરબ અમીરાત, ચીન, ઈરાન, દક્ષિણ કોરિયા અને ઇજિપ્ત સહિત બાર દેશો ભાગ લઈ રહ્યા છે.

આ દરમિયાન, સંરક્ષણ ઉત્પાદન વિભાગ (DDP) આજથી ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓનું પ્રદર્શન કરશે.

સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે આ મંચ પર આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ બનાવેલા સંરક્ષણ ઉત્પાદન ઇકોસિસ્ટમની વધતી જતી શક્તિ અને નવીનતાને પ્રદર્શિત કરાશે.

## 60 YEARS OF TELECOMMUNICATIONS SERVICES

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ભારતીય દૂરસંચાર સેવાના ડાયમંડ જ્યુબિલી ઉજવણીમાં ભાગ લેશે.

આ કાર્યક્રમ ભારતીય દૂરસંચાર સેવાના 60 વર્ષની ઊજવણી કરે છે અને ભારતના દૂરસંચાર ક્ષેત્રના વિકાસમાં સેવાના યોગદાનને યાદ કરે છે

ઉપરાષ્ટ્રપતિ નવી દિલ્હીના યશોભૂમિ ખાતે રોટરી તેજસ - વિંગ્સ ઓફ ચેન્જ કાર્યક્રમનું પણ ઉદ્ઘાટન કરશે. રોટરી એ 1.4 મિલિયનથી વધુ વ્યાવસાયિક અને સમુદાયના નેતાઓનું વૈશ્વિક નેટવર્ક ધરાવે છે

## AIU

એસોસિએશન ઓફ ઓલ ઈન્ડિયન યુનિવર્સિટીઝ (AIU) એ અલ-ફલાહ યુનિવર્સિટીનું સભ્યપદ સસ્પેન્ડ કરી દીધું છે. દિલ્હી બ્લાસ્ટ કેસમાં યુનિવર્સિટીનું નામ આવતા અલ ફ્લાહ યુનિવર્સિટીનું સભ્ય પદ રદ્દ કરાયું છે.

આજે યુનિવર્સિટીને એક પત્ર જારી કરીને, એસોસિએશને જણાવ્યું હતું કે, મીડિયા અહેવાલો અનુસાર અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સંકળાયેલા લોકોના નામ સામે આવતા આકરા પગલાંના રૂપે તેનું સભ્ય પદ રદ્દ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત યુનિવેર્સિટીની નાણાંકીય ભંડોળ અંગે પણ ઇ ડી દ્વારા તાપસ કરવામાં આવશે.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે દિલ્હી વિસ્ફોટની તપાસ દરમિયાન અલ-ફલાહ યુનિવર્સિટી તપાસ હેઠળ છે.

## PIYUSH GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં તેમના નેપાળી સમકક્ષ અનિલ કુમાર સિંહા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

આ બેઠક દરમિયાન બંને દેશોએ ભારત અને નેપાળ વચ્ચે પરિવહન સંધિના પ્રોટોકોલમાં સુધારો કરતા લેટર ઓફ એક્સચેન્જ (LoE) પર હસ્તાક્ષર કર્યા. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પત્ર જોગબની-બિરાટનગર રેલ લિંક પર કન્ટેનરાઇઝ્ડ અને બલ્ક કાર્ગો બંને માટે સીધી રેલ કનેક્ટિવિટીને સરળ બનશે.

આ પહેલ કોલકાતા અને વિશાખાપટ્ટનમ બંદરોથી નેપાળ કસ્ટમ્સ યાર્ડ કાર્ગો સ્ટેશન સુધી પરિવહનને સુચારું બનાવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WORLD DIABETES DAY

**સમગ્ર દેશમાં આજે 14 નવેમ્બરને વિશ્વ ડાયાબિટીસ દિવસ તરીકે મનાવાશે. તેના ભાગરૂપે ગુજરાતના જિલ્લાઓ અને મહાનગરોના તમામ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં રોગની અટકાયત, નિયંત્રણ, વહેલા નિદાન અને સારવારના વ્યવસ્થાપન અંગે લોકોમાં જાગૃતિ લાવવા આજે વિશેષ ઝૂંબેશ હાથ ધરાઈ છે.**

**સાંભળીએ એક અહેવાલ.**

**(વૉઈસકાસ્ટઃ મિત્તલ પટેલ)**

*(.... યુવાનોમાં વધતા જતા બિનચેપી રોગના જોખમને અટકાવવા અને નિયંત્રણ માટે એક પહેલ સ્વરૂપે બિનચેપી રોગની અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ શરૂ કરાયો છે.*

*રાજ્યમાં ગયા વર્ષે બિનચેપી રોગની અટકાયત માટે તપાસની વિશેષ ઝૂંબેશમાં 30 વર્ષ કે તેથી વધુ વયના લોકો પૈકી મધુપ્રમેહ માટે કુલ એક કરોડ પાચં લાખ 11 હજાર 273 લોકોની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી. તેમાંથી મધુપ્રમેહ અને હાયપરટૅન્શનમાં નિદાન પામેલા દર્દીઓને આરોગ્ય કેન્દ્રો-હૉસ્પિટલ્સથી દાક્તરી સલાહ મુજબ વિનામૂલ્યે સારવાર અપાઈ. ઉપરાંત સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત રાજ્યની કુલ 15 હજાર 74 હજાર 653 મહિલાની મધુપ્રમેહ માટે તપાસ કરી તેમનું નિદાન કરાયું હતું.*

*મિત્તલ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.*

# KRUSHI PACKAGE PORTAL

ગુજરાતમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે જાહેર કરાયેલા સહાય પેકેજનું પોર્ટલ આજથી શરૂ થશે. ખેડૂતો આજે બપોરે 12 કલાકથી 15 દિવસ સુધી KRP.GUJARAT.GOV.IN પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકશે.

# IND VS AFRICA TEST

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા આજે ઇડન ગાર્ડન્સ ખાતે બે મેચની શ્રેણીની પહેલી ટેસ્ટમાં ટકરાશે.

આ મેચ ભારતીય સમય મુજબ સવારે 9:30 વાગ્યે શરૂ થશે. 2025-27 ના મહત્વપૂર્ણ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ સાથે, ભારતનો ઉદ્દેશ્ય ટોચના બે સ્થાનો પર પહોંચવા અને લોર્ડ્સમાં 2027 WTC ફાઇનલમાં સ્થાન મેળવવા માટે તેના પ્રયાસને મજબૂત બનાવવાનો છે.

ઉપ-કપ્તાન અને વિકેટકીપર ઋષભ પંતની વાપસી સાથે ભારતની ટિમ મજબૂત બની છે.

# RAJKOT INDIA S AFRICA MATCH

ગુજરાતના રાજકોટ ખંડેરીમાં ત્રણ મેચની એક દિવસીય મેચની શ્રેણીની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકા-એ સામે ભારત-એ નો ચાર વિકેટે વિજય થયો છે.

ગઇકાલે નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલા આ મુકાબલામાં દક્ષિણ આફ્રિકાએ પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 285 રન બનાવ્યા. 286 રનના લક્ષ્યાંકને 49 ઓવર અને ત્રણ બોલમાં હાંસલ કર્યો. ભારતના ઋતુરાજ ગાયકવાડે શાનદાર સદી નોંધાવતા 117 રન કર્યા હતા.

# FIDE CHESS

ચેસમાં, ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસી અને પી હરિકૃષ્ણ ગોવાના પણજીમાં રિસોર્ટ રિયો ખાતે ચોથા રાઉન્ડના ટાઈબ્રેકરમાં જીત મેળવી FIDE વર્લ્ડ કપ 2025 ના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં ઠંડીની લહેરની આગાહી કરી છે.

હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારત અને ઉત્તર પ્રદેશમાં ધુમ્મસની રહેશે. હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે આજે કેરળ અને માહેમાં વીજળી સાથે વાવાઝોડાની શક્યતા છે.

દરમિયાન, દિલ્હી-એન.સી.આરમાં હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં ચાલુ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા અનુસાર, આજે સવારે 7 વાગ્યા સુધીમાં આ પ્રદેશનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 401 નોંધાયો હતો.

## INDIA-BANGLADESH BORDER

કોલકાતા હાઈકોર્ટે, ભારત-બાંગ્લાદેશ સરહદ પર કાંટાળી વાડ કરવાના મુદ્દા પર પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી સોગંદનામું માંગ્યું છે. બાંગ્લાદેશ સરહદ પર ખુલ્લા સરહદી વિસ્તારોમાં કાંટાળા વાડની માંગણી કરતી જાહેર હિતની અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોએ વિવિધ સમાચારને મુખ્ય સમાચાર બનાવ્યા છે.
- દિલ્હી કારમાં વિસ્ફોટ અંગે સંદેશ લખે છે કે, 32 કાર દ્વારા સિરિયલ બ્લાસ્ટનું કાવતરું હતું.
- બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામ અંગે નવગુજરાત સમય લખે છે કે, બિહારમાં હવે કોણ? નીતિશ કુમાર કે તેજસ્વી યાદવ: આજે ફેંસલો
- 43 દિવસે અમેરિકાનું સરકારી શટડાઉન સમાપ્ત, આ સમાચાર ફૂલછાબે પ્રથમ પાને છાપ્યા છે.
- પ્રાદેશિક સમાચારમાં અંબાજી વિસ્તારના માર્બલને જીઆઈ ટેગની માન્યતા, વંદે ભારત સ્લીપર ટ્રેનની આજે અમદાવાદ-મુંબઈ વચ્ચે પ્રથમ ટ્રાયલ, 130ની સ્પીડે દોડશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.